

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः
भारतीय विचार मंच

# વિચાર સંદેશ

વર્ષ : 1 * અંક : 12 * જૂન 2022 * યુગાબ્દ 5124




## આ અંકમાં

- રાષ્ટ્રના વિકાસમાં આંતરિક સુરક્ષા એક પડકાર.
- વસ્તી અસંતુલન: કચ્છ અને રાષ્ટ્ર સમક્ષ પડકારો.
- વિવિધ વિષયો ઉપર વાચન સામગ્રીની ચર્ચા: વાચક ગોષ્ઠિ
- આગામી સમયમાં પ્રાંત યુવા આયામ દ્વારા આયોજિત કાર્યશાળાની માહિતી.







# વિચાર સંદેશ

વર્ષ : 1   અંક : 12
જૂન 2022   યુગાબ્દ 5124

## સંપાદકીય

ભારતીય વિચાર મંચની આ માસિક ઈ-પત્રિકા શરૂ કર્યાને આજે એક વર્ષ પૂરું થયું. મંચના નિષ્ઠાવાન કાર્યકર્તાઓની સાતત્યપૂર્ણ સહભાગિતાના પરિણામે આ બારમો અંક પણ તેની નિશ્ચિત સમયમર્યાદામાં આપની સ્ક્રીન સુધી પહોંચી શક્યો છે.

'વિચાર સંદેશ' બાબતે આપણા ભારત ઉપરાંત વિશ્વના અન્ય દેશોમાંથી પણ મળી રહેલા પ્રતિભાવો દ્વારા જાણવા મળ્યું કે પ્રબુદ્ધ વર્ગમાં મંચના ઉદ્દેશ્ય તથા ઉપક્રમો અંગે વધી રહેલી જાણકારીની સાથે સાથે પ્રત્યક્ષ/પરોક્ષ સહભાગિતાની તત્પરતા પણ વધતી જાય છે. સમયાંતરે કેટલાક વરિષ્ઠ ચિંતકોની સકારાત્મક ટિપ્પણીઓએ પણ સંપાદક મંડળને પ્રોત્સાહક માર્ગદર્શન પૂરું પાડ્યું.

ગત માસે યોજાયેલી વ્યાપક પ્રાંત કાર્યકર્તા બેઠક દરમિયાન લેવાયેલા નિર્ણય મુજબ, ગુજરાતનાં લગભગ મોટાભાગનાં કેન્દ્રોએ આ મહિને વાર્ષિક આયોજન બેઠકો કરી. ટીમના વિસ્તરણની સાથે સાથે આ વર્ષ ( યુગાબ્દ ૫૧૨૪ ) માટે કાર્યના નવાં લક્ષ્યાંકો સુનિશ્ચિત કરી તે તરફ મક્કમ ડગલે આગળ વધવાનો સામૂહિક સંકલ્પ લેવાયો. સમાંતરે થોડા કાર્યક્રમો પણ થઈ શક્યા જેની વિગતો આ અંકમાં આપને જોવા મળશે.

મંચના નિયમિત કામોમાં સક્રિયતા ઉપરાંત કાર્યના સંદર્ભમાં મહત્વપૂર્ણ વિષયોના અધ્યયન, અભ્યાસ દ્વારા સતત આત્મબળ વૃદ્ધિ કરી રહેલા કાર્યકર્તાઓના હેતુના પ્રતિબિંબ સમાન એક શ્લોક સાથે સૌને પ્રણામ.

अहम राष्ट्रस्याभिवर्गे निजो भूयासमुत्तम:

(अथर्ववेद ३.५.२)

અર્થાત્

રાષ્ટ્રના પ્રયોજન માટે કાર્ય કરનારમાં હું શ્રેષ્ઠ બનું.

**સંપાદક**
**પંકજ પુરોહિત**

**લે-આઉટ અને ડિઝાઇન**
**વૈભવસિંહ ઠાકોર**

3

સહચિંતન

8

કેન્દ્રશઃ  કાર્યક્રમો

11

પુસ્તક પરિચય

13

बाबा योगेंद्र का देवलोकगमन

14

આગામી કાર્યક્રમો

18

ઉત્તમ સાહિત્ય
ઓનલાઇન ઉપલબ્ધ

19

વિચાર બોધ



आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

भारतीय विचार मंच

# વિચાર સંદેશ

માસિક



**વ્યવસ્થાપક**

જ્વનિલ દ્વિવેદી
ભારતીય વિચાર મંચ, ૪, મયુર ચેમ્બર, ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશન સામે, એલિસબ્રિજ, અમદાવાદ – ૩૮૦૦૦૯

ઈ મેઈલ :
bvmguj@gmail.com

7405862697

# સહચિંતન

આત્મીય સ્વજનો

સાદર પ્રણામ

આપણે બધા ભારતીય વિચાર મંચના નામે ભારતીય વિચારની પ્રસ્થાપના, પ્રસાર અને પુન: પ્રતિષ્ઠા માટે પ્રતિબદ્ધ અને કટિબદ્ધ કાર્યરત કાર્યકર્તાઓ છીએ. એટલે આપણે આ જ હેતુથી ચાલતા જે મહાપ્રયાસનું અંગ છીએ તેમાં આ ભારતીય વિચાર બાબતે થતું ચિંતન અને તેને આધારે પોતાના વિકાસ માટેની દિશાનો વિચાર આવશ્યક છે.

ભારતીય વિચારના કેન્દ્રમાં અહં નહીં પણ વયં. એટલે 'હું' નહીં' ' આપણે' છે. એટલે સમાજજીવનનું સૌથી નાનું અંગ વ્યક્તિ નહીં પણ પરિવાર છે. જે બે અહં એકત્ર થઇ એક બને છે તે છે જગત્પિતા અને જગન્માતા. આ બંને મળીને એક થાય છે એટલે આ બંનેનું મૂળ વર્ણન અર્ધનારીનરેશ્વર છે. બે મળીને એક નથી, એકનાં જ બે વ્યક્ત સ્વરૂપો છે. All are one નહીં પણ all is one છે. વિવિધતામાં એકતા નહીં પણ એકનાં વિવિધ સ્વરૂપો એ જ ભારતીય ચિંતનનું સાચું સ્વરૂપ છે. 'एकोहं बहुस्याम' એક જ છું તેમાંથી અનેક થયો છું.

એટલે પરિવારના અનેક સભ્યો એ એક જ એકમનાં વિવિધ સ્વરૂપો છે. તેથી ભૌતિક સ્વરૂપમાં જુદા જુદા સ્વરૂપો વિચાર કરતી વખતે માત્ર પોતાનાં ભૌતિક સ્વરૂપનો વિચાર નથી કરતાં પણ પોતાનાં મૂળ સ્વરૂપનો એટલે કે પરિવારનો વિચાર કરે છે. અને એ સ્વરૂપની સુરક્ષા, એ સ્વરૂપનાં સુખદુ:ખ એ સ્વરૂપની પ્રગતિનો વિચાર કરે ત્યારે તે મૂળ સ્વરૂપનાં અભિન્ન અંગ તરીકે પોતાનાં અધિકારનો નહીં પણ પોતાનાં કર્તવ્યનો જ વિચાર કરે છે. માથાં પર ઘા પડતો હોય ત્યારે હાથ પોતાની સુરક્ષાનો વિચાર કરીને નિષ્ક્રિય રહેવાને બદલે તે ઘાની આડો પડીને માથાની સુરક્ષાનો જ વિચાર કરી ઘા ઝીલી લે છે.

'सर्वेत: सूखिन: संतु' ની મૂળ ભારતીય પ્રાર્થના આ જ પરિવારભાવના પૂર્ણવિકાસની ધોતક છે. કારણ એમ જ આ All are one ને સ્થાને all is one અથવા 'एकोहं बहुस्याम'ની માનસિક પ્રતિબદ્ધતા વિકસિત થતી જાય છે તેમ તેમ 'હું' ને સ્થાને 'આપણે'નો ભાવ વિકસીને આત્મીયતાનું ભૌગોલિક અને માનસિક ક્ષેત્ર પણ વિકસતું જાય છે. અને તેનાં હિત માટેની વ્યક્તિની કર્તવ્યભાવના પણ વિકસતી જાય છે.

એટલે જ ભૌતિક દ્રષ્ટિથી આપણે ભા. વિ. મંચના કાર્યકર્તા હોઈએ તો પણ વાસ્તવમાં આપણે ભારતીય વિચારનાં વાહક કાર્યકર્તાઓ છીએ. એટલે વાસ્તવમાં આપણે સંસ્થા નથી, સંપ્રદાય નથી. એટલે જે પરમવૈભવસંપન્ન ભારતની આપણે વાત કરીએ છીએ તે પણ આપણું લક્ષ્ય નથી પણ 'सर्वेत: सूखिन:' નું આપણું(ભારતીય વિચારનું) સર્વોચ્ચ લક્ષ્ય પૂર્ણ કરવા માટેનું શ્રેષ્ઠતમ સાધનમાત્ર છે. આ વાત આપણને વિકાસની યોગ્ય દિશાનું ચિંતન કરવાની પ્રેરણા આપશે.પરિવારભાવનું સૌથી નાનું એકમ પરિવાર છે અને સર્વોચ્ચ એકમ છે 'वसुंधरा परिवार हमारा'. અને તે એકમનાં હિત, સૌખ્ય અને પ્રતિષ્ઠા માટે કર્તવ્યપાલનની પરાકાષ્ઠા એ જ સૃષ્ટિનિર્માતાનાં શ્રેષ્ઠતમ સ્વરૂપ તરીકે મનુષ્ય પાસેની અપેક્ષા. અને એ જ ભારતીય મૂળ વિચાર.

આપણે બધા ધ્યેયમાર્ગના યાત્રીઓ છીએ. તે માર્ગનાં ભૌતિક સ્વરૂપમાં સંસ્થાઓ, સંગઠનો, પદાધિકારો અને તેને આધારે માનસન્માન, પ્રતિષ્ઠા વગેરે વિષયો પગલે પગલે આપણી સામે આવે છે. અને જો ચિંતનની દિશા યોગ્ય ન

હોય તો આ જ વિચાર સતત આપણી સામે રહે છે. પણ એ મૂળ આપણો વિચાર નથી. એટલે ભૌતિક સ્તરે અધિકારી શબ્દ વપરાતો હોય તો પણ તે અધિકાર તરફ સંકેત કરનારો નથી, કર્તવ્ય(જવાબદારી) તરફ સંકેત કરનારો છે. એટલે વ્યાવહારિક સ્તરે જે વ્યક્તિ અધિકારી તરીકે ઓળખાતી હોય તો પણ તે પોતાના અધિકારનો નહીં પણ જવાબદારીનો વિચાર નિરંતર વિચારકેન્દ્રમાં રાખે અને તેના વ્યવહારમાં તેનું અમલીકરણ પ્રત્યેક ક્ષણે દેખાતું રહે અને તે આપણાં બધાના વ્યવહારમાં પ્રકટ થતું રહે તે આપણાં કાર્યની સફળતા માટેની સર્વોચ્ચ આવશ્યકતા છે.

પ્રાથમિકતા

આપણાં જીવનની અનેક સામાજિક વિટંબણાઓ અને જવાબદારીઓ અને સંલગ્નતાઓમાં પ્રાથમિકતાનો આધાર શું છે ? આ હૃદયમાં વિક્સતો પરિવારભાવ જ આ પ્રાથમિકતાઓ નક્કી કરે છે. ધોબીની ટીકાને આધારે સીતાનો ત્યાગ કરનારા પ્રભુ રામચંદ્ર આ પ્રાથમિકતાની વાત કરે છે. એક શ્લોકમાં તેઓ કહે છે, स्नेहं दया च सौख्यम च यदि वा जानकीमपी, आराधनाय लोकानाम मुंचतो नास्ति मे व्यथा । (उत्तर रामचरित) રામ કહે છે, સ્નેહ, દયા, સૌખ્ય વગેરે ગુણો મને અતિ પ્રિય છે અને તે કરતાં પણ વધુ પ્રિય જાનકીનો ત્યાગ કરવામાં પણ મને કોઈ વ્યથા નથી કારણ એક રાજા તરીકે લોકારાધન એટલે કે સામાન્ય પ્રજાજનનાં મનનું સમાધાન મારે માટે સૌથી મોટું મોટું કર્તવ્ય છે, એનાં પાલન માટે જ મને વ્યક્તિ તરીકે સર્વાધિક મારી પ્રિય પત્નીનો પણ ત્યાગ કરવાને હું સર્વોચ્ચ પ્રાથમિકતા આપું છું. નાના ભૌતિક દુ:ખને સર્વોચ્ચ વ્યાપક સુખ અને હિત માટે કઠોરતાથી સહન કરી લેવાનાં અનેક ઉદાહરણો, લોકમાન્ય ટિલક, સરદાર પટેલ, વૈજ્ઞાનિક અનિલ કાકોડકર, દેવાયત આયર અને તે ઉપરાંત અનેકો નામી અનામીઓનાં રૂપમાં પ્રાપ્ત થાય છે. મોટાં હિત માટે નાનાં હિતનો ત્યાગ કરવો એ કર્તવ્યમાર્ગની, જવાબદારીઓની પ્રાથમિકતાઓ નિર્દેશિત કરે છે.

મૂલ્યાંકન

પોતાનું અને કાર્યનું - કાર્યક્રમલક્ષી અને કાર્યલક્ષી

કોઈ પણ કાર્યનાં બે ભાગ હોય છે. કાર્યનું આયોજન અને મૂલ્યાંકન

કાર્યના પહેલા ભાગમાં આપણે શું કરીશું, કેટલું કરીશું , કેવું કરીશું અને કોને આધારે કરીશું એમ ચાર મુદ્દે યોજના બને છે. આ આયોજનના જુદા જુદા ભાગ પણ હોય છે.

કાર્ય કેટલા સમયમાં પૂરું કરીશું અને આયોજન જેટલા સમયનું કરવા બેઠા હોઈએ એટલા સમયમાં તેમાંથી કેટલું પૂરું કરીશું ? પૂર્ણ સ્વરૂપે કેવું હશે અને તેનું જેટલું આયોજન આપણે અત્યારે કરવા બેઠા છીએ એટલા સમયમાં કેવી સ્થિતિ પ્રાપ્ત કરશે ?

ત્રીજો ભાગ છે કે કોને આધારે બનશે. એ તો નિશ્ચિત જ છે કે કાર્ય કાર્યકર્તાને આધારે જ થવાનું છે. પણ એ કાર્યના પ્રત્યેક વિભાગનું કાર્ય શ્રેષ્ઠ સ્તરનું થાય એ દ્રષ્ટિથી કુલ કાર્યકર્તાઓમાંથી એક ટોળી બને છે. આ ટોળી કાર્યકર્તાની જે તે કામની રુચિ, તે તે કામ માટેની તેની કુશળતા, એ કાર્ય માટે આવશ્યક સમયની તેની પાસે ઉપલબ્ધતા વગેરેને આધારે બને છે. એમ કાર્યકર્તાઓના સંપૂર્ણ સમૂહમાંથી જુદી જુદી ટોળીઓ બને છે. બધી જ ટોળીઓ પાસે કામનો જુદો પ્રકાર છે, માત્ર તેનું પૂરું થયેલું કામ જોઇએ તો સંપૂર્ણ કામનું જે સ્વરૂપ દેખાવાનું છે તે જોવા મળતું નથી. તે તો જ્યારે આખું કામ જોઈશું ત્યારે જ તે પૂર્વકલ્પના પ્રમાણેનું થયું છે કે નહીં તે પ્રત્યક્ષ થશે. એટલે કાર્યનો બીજો ભાગ ગણાય તે મૂલ્યાંકન છે.

એટલે મૂલ્યાંકન વખતે કુલ કાર્યકર્તાઓમાંથી જે તે કામ માટે જે ટોળી બની તે તે ટોળીએ કરેલાં કાર્યનું મૂલ્યાંકન થશે.

આયોજન કરતી વખતે આ ટોળીએ પોતે સ્વીકારેલાં કાર્યવિભાગનું એક તબક્કામાં નિશ્ચિત થયેલું કામ કેટલું થયું ? એ તબક્કાનું કાર્ય પૂરું થયા પછી જે સ્વરૂપ ઉપસી આવવાની કલ્પના હતી તે ઉપસી આવ્યું કે નહીં ? ટોળીની રચના વખતે એ ટોળીના પ્રત્યેક સદસ્ય પાસેથી કાર્યની દ્રષ્ટિએ જે સમય, શ્રમ અને કાર્યતન્મયતાની દ્રષ્ટિથી રખાયેલી અપેક્ષા પૂરી થઈ કે નહીં, પૂરી ન થઈ તો તેનાં કારણો વગેરેનું મૂલ્યાંકન આવશ્યક છે.

એજ રીતે કાર્યવિભાજન વખતે અને કોઈને કોઈ કાર્યવિભાગના સ્વીકાર વખતે અમે સ્વીકારેલાં કાર્યની સફળતા તે કાર્યવિભાગમાં મેં સ્વીકારેલાં કાર્યનાં પરિણામની શ્રેષ્ઠતા પર આધારિત છે અને સંપૂર્ણ કામની સફળતા અમે સ્વીકારેલાં કાર્યવિભાગનાં પરિણામની શ્રેષ્ઠતા પર અવલંબિત છે એનો સંપૂર્ણ ખ્યાલ અને એ ખ્યાલ રાખીને જ પ્રત્યેક કાર્યકર્તા દ્વારા થયેલું કાર્ય એ બંને વાતોનું મૂલ્યાંકન આવશ્યક છે.

સંપૂર્ણ કામનું મૂલ્યાંકન સ્વાભાવિક રીતે જ કાર્યસર્વોચ્ચ કાર્યકર્તાસમૂહ કરતો હોય છે અને તેણે જ કરવું જોઈએ. અને ત્યારે આપણે કરેલું કાર્યવિભાજન, કાર્યકર્તાઓની શક્તિઓ, અનુકૂળતા,પ્રતિકૂળતાઓ વિશેનો આપણો અંદાજ, પ્રત્યેક ટોળીના ઉત્સાહવર્ધન માટેના આપણા પ્રયાસો અને તેની સાર્થકતા,

આર્થિક, સામયિક, વ્યવસ્થાઓ અને ગણતરીઓ, પ્રત્યેક વિભાગના કાર્યની સફળતા અને શ્રેષ્ઠતા પર જ પૂરા કામની સફળતા અને શ્રેષ્ઠતા અવલંબિત છે એ શ્રદ્ધા ઉત્પન્ન કરવાના આપણા પ્રયાસો, કાર્યની નિષ્ફળતાની સંપૂર્ણ જવાબદારી પોતાની ઉપર લેવાની અને સફળતા અને શ્રેષ્ઠતાનું શ્રેય સંપૂર્ણ કાર્યકરતાસમૂહને અને બધા જ કાર્યવિભાગોને આપવાની માનસિક ક્ષમતા વગેરે મુદ્દા એ મૂલ્યાંકનના મુદ્દા થઈ જાય છે.

કાર્યની સફળતાનું મૂલ્યાંકન કાર્યક્રમલક્ષી કે કાર્યલક્ષી ?

સ્વાભાવિક જ આપણે પ્રત્યેક કાર્યક્રમનું અથવા ઘટનાનું સ્વાભાવિક જ મૂલ્યાંકન કરીએ છીએ. મૂલ્યાંકનના બે પ્રકાર હોઈ શકે. સ્વાભાવિક વૃત્તિ દર્શનીય મૂલ્યાંકનની હોય તે સ્વાભાવિક જ છે. કાર્યક્રમની સંખ્યા, વકતાનાં વક્તવ્ય દરમિયાન પડેલી તાળીઓ, પ્રચારમાધ્યમોમાં થયેલો તેનો પ્રચાર અને પ્રકાશિત ચિત્રોને આધારે થતું મૂલ્યાંકન સંખ્યાત્મક મૂલ્યાંકનની કક્ષાનું ગણી શકાય અને સામાન્ય કાર્યકર્તા તેના તરફ જ આકર્ષાય તે સ્વાભાવિક જ છે. પણ સંખ્યા કેટલી આવી તેનાં કરતાં કેવી આવી, વક્તવ્ય પર કેટલી તાળીઓ પડી તેને સ્થાને વક્તવ્યમાં કયા મુદ્દા આવ્યા અને લોકો યોગ્ય મુદા પર વિશેષ આકર્ષિત થયા કે નહીં, સાહિત્ય કેટલું વેચાયું એના કરતાં કયું વેચાયું, કયા લોકો સુધી પહોંચ્યું એની ચર્ચા એ કાર્યલક્ષી મૂલ્યાંકન કહી શકાય. અને એ મૂલ્યાંકનના નિષ્કર્ષોને આધારે ભવિષ્યની કાર્યયોજના બને તે સાચાં સ્વરૂપમાં કાર્યવૃદ્ધિ માટે અતિ આવશ્યક લાગે છે. એટલે કાર્યલક્ષી અને કાર્યક્રમલક્ષી એ બે શબ્દો પર પણ સહચિંતનની આવશ્યકતા છે એમ લાગે છે.

સફળ આયોજન અને પોતાનું નિર્મમ અને શેષ સમૂહનું અત્યંત ઉદાર માનસિકતાથી મૂલ્યાંકન જ કોઈ પણ કાર્યની સર્વાંગીણ સફળતાનો આધાર છે.

સામાન્ય મનુષ્યસ્વભાવની નિર્બળતા એવી હોય છે કે જે મનુષ્યને પોતાનું મૂલ્યાંકન કરતી વખતે ઉદાર અને શેષ સમૂહનું કરતી વખતે નિર્મમ બનવા પ્રેરે છે.

આપણે બધા કાર્યકર્તાઓ છીએ. અને કાર્યવૃદ્ધિનો આધાર આપણે જ છીએ. આપણને કોઈ ને કોઈ સ્તરની કાર્યની જવાબદારી મળે છે એનો અર્થ જ એ છે કે એ જવાબદારી આપણે યોગ્ય રીતે પૂર્ણ કરીએ એ અપેક્ષા અને આપણે

પૂર્ણ કરીશું જ એવી શ્રદ્ધા આપણા પર છે. મને જવાબદારી મળવાનું કારણ અન્ય કાર્યકર્તાઓ કરતાં હું વધુ યોગ્ય છું એ નથી પણ આવશ્યક યોગ્યતા પ્રાપ્ત કરવા માટે હું પ્રામાણિક પરિશ્રમ અને પ્રયત્ન કરીશ જ એવો આપણા પરનો વિશ્વાસ છે.

એ શ્રદ્ધા અને વિશ્વાસને સાચો ઠેરવવા માટેના આપણા પ્રયાસો એ જ કાર્યને યોગ્ય બનવા માટેની, આપણી પાસેથી વ્યક્ત થયેલી અપેક્ષાની પૂર્તિ માટે આપણે યોગ્ય બનવાનો પ્રયાસ કરીશું જ એવી આપણા પર મૂકાયેલી શ્રદ્ધાનો સાચો પ્રતિભાવ છે.

આપણા પૈકી ડોક્ટર હેડગેવારજીનું ચરિત્ર વાંચનારા લોકો જાણે જ છે કે તેઓ જન્મત: ક્રોધી અને પરંપરાગત ક્રોધી પરિવારના સભ્ય હતા. સંઘસ્થાપના પહેલાનાં ઉદાહરણો પણ તેમનાં જીવનચરિત્રમાં આવે જ છે પણ સંઘકાર્યના પ્રારંભ પછી, આ કાર્ય માટે ક્રોધનો ભાવ કાર્ય માટે હાનિપ્રદ છે એટલે તેનો ત્યાગ કરવો પડશે એમ ધ્યાનમાં આવ્યા પછી તેમનાં સંપૂર્ણ જીવનકાળમાં તેઓ ક્રોધિત થયાની એક પણ ઘટના તેમનાં ચરિત્રમાં નોંધાઈ નથી, સંઘના ટીકાકારોએ પણ ક્યાંય નોંધી નથી. આપણે ત્યાં કહે છે કે સ્વભાવ મૃત્યુ સાથે જ જાય. એક સુભાષિત કહે છે,

य: स्वभावो हि यस्यास्ति स  नित्यं दुरतिक्रम:

श्वा यदि क्रियते राजा तत् किं नाष्नात्युपानः

જેનો જે સ્વભાવ હોય તે બદલાવો અશક્ય છે. કદાચ કોઈ કૂતરાંને રાજા બનાવી દેવાય તો પણ તે ખાસડાં કારડવાનું છોડી શકતું નથી. આ સુભાષિત અને સંઘકાર્યનાં પ્રારંભ પછી ક્રોધિત થયાની એક પણ ઘટનાનો અભાવ એ પોતાને કાર્યાનુરૂપ બનાવવાની સાધનાનું એક ઉદાહરણ છે.

આ ઉપરાંત એક ઉદાહરણ પછી આજનો વિષય પૂર્ણ કરીએ.

આપણને અધિકારી બનાવનારા અને જવાબદારી આપનારા લોકોની પણ આપણી પાસે કાર્યની દ્રષ્ટિથી વધુ યોગ્ય બનવાની બાબતમાં કેટલીક અપેક્ષાઓ હોય છે. તે પૂર્ણ કરવા માટે આપણે કેટલો પ્રયાસ કરીએ છીએ. તેનું મૂલ્યાંકન આપણાં પૂરતું તો આપણે પોતે જ કરી શકીએ.

સંઘકાર્ય આસામમાં સં. ૧૯૫૦માં શરૂ થયું. પરંપરા પ્રમાણે ત્રણ-ચાર તરુણો પ્રચારક તરીકે નાગપુરથી આસામ ગયા. ચાર-છ મહિના પછી પૂજનીય ગુરુજીનો પ્રવાસ આસામામાં થયો. આ તરુણો સાથે પણ તેમની વાતચીત થઈ. ભોજનવ્યવસ્થા બાબતે પણ પૂછપરછ થઈ. ભાગ્યયોગે તરુણો શાકાહારી પરિવારના અને શાકાહારમાં શ્રદ્ધા ધરાવતા લોકો હતા. તેમણે બહુ ઉત્સાહથી વ્યવસ્થાની પ્રશંસા કરતાં કહ્યું, રાજસ્થાન અને ગુજરાતના ઘણા સંઘપરિવારો અહીં હોવાથી સરસ ભોજનવ્યવસ્થા થઈ જાય છે. કોઈ ચિંતાનું કારણ નથી. ત્યારે શ્રી ગુરુજીએ એક વાત કરી, સારી વાત છે કે ગુજરાતી- રાજસ્થાની પરિવારોમાં વ્યવસ્થા થઈ જાય છે પણ એ વાત યાદ રાખો કે આપણે અહી માત્ર ગુજરાતી કે રાજસ્થાની હિંદુઓને જ નહીં પણ આસામી હિંદુઓને  સંગઠિત કરવા આવ્યા છીએ. એ દ્રષ્ટિથી ભોજનની ટેવોમાં પરિવર્તન કરવાની આવશ્યકતા લાગે તો કરવામાં સંકોચ કરવાની જરૂર નહીં. અને સૌથી મહત્ત્વની વાત એ છે કે આસામમાં કાર્યનો પાયો નાખવા ગયેલા એ ચારમાંથી બે પ્રચારકોએ પોતાનું જીવન આસામમાં જ પૂરું કર્યું. ત્યાંના લોકોનું આજીવન શ્રદ્ધાકેન્દ્ર બની રહયા.

આ ઉચ્ચાસનેથી કરાતો ઉપદેશ નથી. સહચિંતન હોવાથી તે સ્વાભાવિક જ પહેલો પુરુષ એકવચનથી જ શરૂ થાય છે. ભારતીય વિચારમાં આ એક જ વાત એવી છે જે 'હું' સાથે સંબંધિત છે. આપણી પાસેની અપેક્ષાઓ અને આપણા પરની શ્રદ્ધા, કાર્યકર્તા હોવાથી આપણને પણ ધ્યાનમાં આવતા અન્ય વિષયો માટે યોગ્ય બનવા આપણે

કેટલો પ્રયત્ન કરી રહયા છીએ તેનું શ્રેષ્ઠતમ મૂલ્યાંકન આપણી જાત માટે આપણે પોતે જ કરીએ છીએ કે નહીં તેનો જવાબ આપણા સિવાય પોતાની જાત  માટે બીજું કોણ આપી શકે ? આપણે જ આપીએ. કાર્યવૃદ્ધિનો સંપૂર્ણ આધાર આ પ્રામાણિક મૂલ્યાંકન પર છે એ હંમેશાં સ્મરણ રહે તો આ પ્રક્રિયા વધુ પ્રામાણિક અને સકારાત્મક બની રહેશે.

મને લાગતો એક સરળ ઉપાય સૂચવીને વાત પૂરી કરું છું.

જે કાર્યને આપણે જીવનકાર્ય તરીકે સ્વીકાર્યું છે તે કાર્ય માટે આપણને નિત્ય શ્રેષ્ઠ પ્રેરણા આપી શકે તેવા આપણી વચ્ચેથી દિવંગત થયેલા(કોઈ પણ જીવિત કાર્યકર્તાનો ઉલ્લેખ ન જ કરીએ) કોઈ ઓછામાં ઓછા એક કાર્યસમર્પિત જીવનનું અધ્યયન અને અનુકરણ કરવાનો પ્રયાસ કરીએ. શું આજે આપણે પ્રેરક  તરીકે સ્વીકારેલાં એવાં કોઈ જીવનનો આપણે ઉલ્લેખ કરી શકીએ એમ છીએ ? જો એમ ન હોય તો આગ્રહપૂર્વક પસંદ કરીએ. માર્ગક્રમણમાં અકલ્પ્ય સ્તરે ઉપયોગી થશે.

આ વાત સાથે આજની વાત અટકાવું છું.

# ભારતીય વિચાર મંચ - અમદાવાદ - ચર્ચા સત્ર

ભારતીય વિચાર મંચ, અમદાવાદ દ્વારા તા.૧૪-૦૫-૨૦૨૨, શનિવાર ના રોજ ઔડા રીડિંગ લાઈબ્રેરી, બોપલ વિસ્તાર ખાતે *રાષ્ટ્ર ના વિકાસ માં આંતરિક સુરક્ષા એક પડકાર* વિષય પર ચર્ચા સત્રનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમ ૭.૩૦ થી ૮.૩૦ વાગ્યા સુધી ચાલ્યો જેમાં ૧૬ જેટલા પ્રબુદ્ધજનો ઉપસ્થિત રહ્યા.



ચર્ચા સત્રની શરૂઆત 'રાષ્ટ્રની આંતરિક સુરક્ષાનું મહત્વ'થી થઈ. વામપંથી દ્વારા ફેલાવવામાં આવતી દેશ વિરોધી ગતિવિધિઓ, નક્સલવાદ ગતિવિધિ, સાયબર સિક્યુરીટી, ડેમોગ્રાફીક ચેન્જ, એન.જી.ઓ દ્વારા ચલાવવામાં આવતી ગતિવિધિઓ જેવા વિષયો ચર્ચા સત્રમાં મુકવામાં આવ્યા.



# ભારતીય વિચાર મંચ ; ગાંધીનગર - વાચક ગોષ્ઠિ

તા.૨૯મી મે ૨૦૨૨ના રોજ વિદ્યા ભારતી પ્રશિક્ષણ કેન્દ્ર, સેક્ટર ૨૨ ખાતે ભારતીય વિચાર મંચ, ગાંધીનગર દ્વારા તૃતીય વાચક ગોષ્ઠીનું આયોજન થયું. વાંચનમાં વિશેષ રૂચિ ધરાવતા સહભાગીઓ સમક્ષ કાર્યકર્તા શ્રી ભરતભાઇ ગોહિલે ધ્યેય વાક્ય, *आनो भद्रा: क्रतवो यन्तु विश्वत:* સાથે કાર્યરત ભારતીય વિચાર મંચનો પરિચય તેમજ વાંચક ગોષ્ઠિની રૂપરેખા પ્રસ્તુત કરી.



આ શૃંખલામાં પ્રથમ વખત જોડાયેલા ત્રણ નવા વાચકો દ્વારા રોબિન શર્માના પુસ્તકોની ચર્ચા થઈ. શ્રી દક્ષાબેન પટેલ કે જેઓ વાંચનનો ખૂબ લાંબો અનુભવ ધરાવે છે, તેમ જ પોતે વાંચેલા પુસ્તકોની સમીક્ષા પોતાની યુ ટ્યુબ ચેનલ ઉપર અપલોડ પણ કરે છે, તેમણે રશ્મિ બંસલ રચિત પુસ્તકની વાત મૂકી. શ્રી પરેશ દલસાણીયાએ શરદ ઠાકર લિખિત નવલકથા 'સિંહપુરુષ'ની વાત મૂકી. શ્રી દીપકભાઇ રાઠોડ દ્વારા કચ્છી પુસ્તક, 'રતજા રૂંજા'ની વાત થઇ. ઉપસ્થિત પ્રબુદ્ધજનોને આ વિષયમાં વધુ રસ પડતાં કચ્છી સાહિત્ય અને સંસ્કૃતિની પણ સરસ ચર્ચા થઈ.



ચર્ચામાં શ્રી પ્રવીણભાઈ વઘાસિયા દ્વારા ઘણી સાંસ્કૃતિક વાતો પર પ્રકાશ પડાયો. ગોષ્ઠિમાં ભારતીય વિચાર મંચ દ્વારા પ્રકાશિત પુસ્તક, 'પ્રજ્ઞા પ્રવાહ'ની વાત થઈ તેમજ તેની સાથે સાથે ભારતીય વિચાર મંચ પ્રકાશિત અન્ય પુસ્તકોની વાત મુકાઈ. ગોષ્ઠિના સમાપનમાં શ્રી ડો. પ્રવીણભાઈ વાટલીયાએ તમામ વાચકો દ્વારા થયેલ સંવાદનો સાર તેમજ દલાઈ લામા લિખિત પુસ્તક "વનવાસમાં મુક્તિ" ની વાત મૂકી. આજની વાચક ગોષ્ઠીમાં મહિલા સભ્યો ઉપસ્થિતિ ઉલ્લેખનીય રહી. હવે પછીની વાંચક ગોષ્ઠીનું જુલાઈના ત્રીજા રવિવારે સંભવિત આયોજન થયું.

# ભારતીય વિચાર મંચ - ભુજ કેન્દ્ર - વિચાર ગોષ્ઠિ

ભારતીય વિચાર મંચ ભુજ દ્વારા વસ્તી અસંતુલન _ કચ્છ અને રાષ્ટ્ર સમક્ષના પડકાર વિષય પર કચ્છ યુનિવર્સિટી મુકામે વિચાર ગોષ્ઠીનું આયોજન થયું હતું, વક્તા તરીકે પશ્ચિમ કચ્છ જીલ્લા સંઘચાલક શ્રી હિમંતસિહ વસણે અર્થસભર અને માહીતી પૂર્ણ વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે 'વસુધૈવ કુટુમ્બકમ' ને વરેલ સનાતન ભારતીય ધર્મ઼ પર કટ્ટર પંથી ક્રૂરતાએ આક્રમણ કર્યાં ત્યારથી સનાતન ભારતીય ધર્મને વિશેષ જાગૃત થવાની જરૂરિયાત ઉભી થઇ આપણે હજુ વધુ સજાગ થવાની જરૂર છે.



તેમણે જણાવ્યું કે લોકશાહીમાં મતનું મૂલ્ય હોવાથી કટ્ટર પંથીઓ ઘુસણખોરી, લવજેહાદ, બહુપત્નીત્વ, લેન્ડ જેહાદ જેવા યેનકેન પ્રકારે પોતાની વસ્તી વધારે છે, આઝાદી સમયે ૯૦% હિન્દુ જનસંખ્યા આજે ૮૪% થી પણ ઘટી ગઈ છે. સીમાવર્તી કચ્છ જીલ્લાના ભુજ, લખપત અને અબડાસા તાલુકામાં હિંદુ લઘુમતિમાં આવી ગયા છે. આ પરિસ્થિતિ ન માત્ર હિન્દુધર્મ઼ પરંતુ સમગ્ર રાષ્ટ્ર માટે ખતરો ઉભો કરનારી છે. આપણે સરહદી વિસ્તારમાંથી હિંદુ પલાયન રોકવા સાથે આપણા પરિવારનું સાતત્ય જળવાઇ રહે તેવી પરિવાર વ્યવસ્થા ઉભી કરવી પડશે. કોમન સિવિલ કોડ નો કાયદો પણ વસ્તી સંતુલન માટે મહત્વપૂર્ણ હોઇ સરકાર સત્વરે રાષ્ટ્ર હિતમાં આ કાયદો અમલમાં મુકે તે જરૂરીછે.




આ ગોષ્ઠીમાં શહેરના પચાસ જેટલા પ્રબુદ્ધજનો સાથે કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડો.જયરાજસિહ જાડેજા, કચ્છ જીલ્લા પંચાયતના પ્રમુખ પારુલબેન કારા, રા.સ્વ.સંઘના વિભાગ કાર્યંવાહ રવજીભાઇ ખેતાણી ઉપરાંત નવિનભાઈ વ્યાસ, મદનલાલ નાહટા સહિત વિચાર મંચના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



# પુસ્તક પરિચય

## ઘર એ જ વિદ્યાલય.

પરિવાર વ્યવસ્થા એ સંપૂર્ણ વિશ્વમાં એકમાત્ર ભારતની વિશેષતા છે. આજે વૈશ્વિકરણને નામે અત્યંત ઝડપથી થઇ રહેલા પશ્ચિમીકરણને કારણે અને અર્થપ્રધાન જીવનશૈલીને કારણે ભારતીય સમાજની કરોડરજ્જુ જેવી આ પરિવાર વ્યવસ્થાના અસ્તિત્વ પર મોટું જોખમ ઊભું થયું છે. સામાજિક સંસ્કારી જીવન માટે અત્યંત સહજ શિક્ષણ આપતી એ આપણી પાઠશાળા લગભગ નિષ્ક્રિય અને બિનઅસરકારક થઈ ગઈ છે. સુશિક્ષિત, સુસંપન્ન અને સંસ્કારપ્રિય સમાજમાં પણ આ વિષયમાં અત્યંત અજ્ઞાનજન્ય ઉદાસીનતા જોવા મળે છે. આ ઉદાસીનતાને કારણે આજે થઇ રહેલા અને ભવિષ્યમાં થનારા નુકસાનને રોકવા માટે અત્યંત અસરકારક ઉપાય યોજના આવશ્યક છે.




ભારતીય વિચાર મંચ દ્વારા પ્રકાશિત આ પુસ્તકમાં, આ વિષયમાં વર્ષોથી મૂળગામી કાર્ય કરી રહેલાં અને વિષયનું ગહન અધ્યયન કરી ચૂકેલાં પુનરુત્થાન વિદ્યાપીઠનાં કુલપતિ સુશ્રી ઈંદુમતિ કાટદરે દ્વારા પ્રસ્તુત એક વ્યાખ્યાન, 'ઘર એ જ વિદ્યાલય' નું શબ્દશઃ સંકલન આ કરાયું છે. પરિવારના દરેક સભ્યએ વારંવાર જેનું વાંચન કરવું જોઈએ એવી આ નાનકડી પુસ્તિકામાં કુટુંબના એકેએક સભ્યની અપેક્ષિત ભૂમિકાનું ખૂબ સરળ અને પ્રવાહી ભાષામાં વર્ણન કરવામાં આવ્યું છે. વક્તા શ્રી નું મનોગત કહી શકાય તે પ્રકારની કેટલીક વાતો અહીં સંક્ષિપ્તમાં...

ગૃહસ્થાશ્રમી બનવા માટે એટલે કે આપણે ત્યાં બાળકનો જન્મ થાય ત્યાંથી શરૂ કરીને એને ત્યાં બાળકનો જન્મ થાય ત્યાં સુધીની એક આખી પેઢીનું ઘરમાં શિક્ષણ થાય એ જ, 'ઘર એ જ વિદ્યાલય' નો વિષય થયો. આ એક પેઢીને ઘરમાં ઘડવી એ આજની બહુ જ મોટી ચેલેન્જ છે. અને એ કામ માતાપિતાનું છે. પાંચ વરસની ઉંમર સુધી મુખ્ય ભૂમિકા

માતાની છે. એ પછીની ભૂમિકા પિતાની છે. માતાની મુખ્ય ભૂમિકામાં પિતાએ અને ઘરના બધા લોકોએ સહયોગી બનવાનું હોય, પિતાની ભૂમિકા જ્યારે મુખ્ય હોય ત્યારે માતા અને ઘરના બધા લોકોએ સહયોગી બનવાનું હોય છે.

પંદર વરસની ઉંમર પછી બંને સમાન રીતે એના ગુરુ છે. પણ આ કેળવણી વગર આપણે સંસ્કૃતિનું રક્ષણ કરી શકવાના નથી. સામાજિકતાનું રક્ષણ કરી શકવાના નથી, ચારિત્ર્યનું પણ રક્ષણ કરી શકવાના નથી. એટલે જેને જેને પણ સંસ્કૃતિની, સમાજની, આપણી જ્ઞાન અને સંસ્કારની પરંપરાની આપણા ઘરમાં આવનારા બાળકોની થોડી પણ ચિંતા હોય એ લોકોએ વ્યક્તિગત રીતે, સંસ્થાગત રીતે પણ આને માટે નક્કર ઉપાયો કરવાની અત્યંત જરૂર છે. આ બધું કર્યા વગર તો નહીં જ થાય.

વિદ્યાલયો આખા શિક્ષણમાંથી મેં કહ્યું એમ ત્રીસ ટકા ભાગ જ છે. બહુ બહુ તો ચાલીસ ટકા બાકી સાઇઠ સિત્તેર ટકા તો આપણું ઘર જ છે. એટલા માટે વિદ્યાલયસ્વરૂપે ઘર એ વિદ્યાલય કરતાં પણ વધારે મહત્વનું છે. અને શિક્ષકો કરતાં માતાપિતાની ભૂમિકા સૌથી વધારે મહત્વની છે.


આને માટે સંસ્થાગત રીતે પણ કોઈને કોઈ નક્કર પ્રયાસો કરવાની જરૂર છે. આપણા દિકરાદિકરીઓથી શરૂ કરીને આપણાથી માંડીને બધે જ બધા સ્તરના જો રીતસરના અભ્યાસક્રમો બને અને સરકારની નજરથી બહાર અને સરકારનો છાયો પણ એના ઉપર ન પડે એવી રીતે સમાનાંતર જો આપણે આની વ્યવસ્થા કરીએ તો જ આ કામો થઈ શકે એવાં છે. એને માટે થોડો સમય પણ આપવો જોઈએ અને અભિગમ પણ કેળવવો જોઈએ. એની ગંભીરતા અને એનું મહત્વ આપણા મનમાં બેસે એ બહુ જરૂરી છે. એ બધું થાય એવી શક્તિ, વૃત્તિ, બુદ્ધિ પરમેશ્વર આપણને આપે એવી પ્રાર્થના.

# दुःखद – वरिष्ठ प्रचारक एवं संस्कार भारती के संरक्षक बाबा योगेंद्र का देवलोकगमन




राष्ट्रीय स्वयंसेवक संघ के वरिष्ठ प्रचारक व संस्कार भारती के संरक्षक पद्मश्री बाबा योगेंद्र 98 वर्ष की आयु में आज 10 जून, 2022 को प्रातः 8 बजे देवलोक गमन कर गए। बाबा योगेंद्र ज़ी पिछले कुछ समय से अस्वस्थ थे तथा उनका लखनऊ स्थित राम मनोहर लोहिया अस्पताल में उपचार चल रहा था। बाबा योगेंद्र कला तथा साहित्य के क्षेत्र में काम करने वाली अखिल भारतीय संस्था संस्कार भारती के संस्थापक थे तथा अनेक वर्षों तक राष्ट्रीय संगठन मंत्री रहे। कला क्षेत्र में आपके योगदान को देखते हुए वर्ष 2018 में भारत सरकार ने पद्म श्री सम्मान से अलंकृत किया था। इसके अतिरिक्त भाऊराव देवरस सेवा सम्मान तथा अहिल्या बाई होलकर राष्ट्रीय पुरस्कार तथा अनेक पुरस्कारों से भी आप सम्मानित हुए थे। बाबा योगेंद्र का जन्म 7 जनवरी, 1924 को उत्तर प्रदेश के बस्ती जिले में गांधीनगर में हुआ था। बचपन में गांव में ही राष्ट्रीय स्वयंसेवक संघ की शाखा में जाने लगे।इसके बाद गोरखपुर में पढ़ाई के दौरान उनका संपर्क संघ के प्रचारक नानाजी देशमुख से हुआ। संघ का प्रशिक्षण प्राप्त करने के बाद वह प्रचारक निकले। बाबा योगेंद्र गोरखपुर, प्रयाग, बरेली, बदायूं और सीतापुर में प्रचारक रहे। वर्ष 1981 में जब संस्कार भारती संगठन बना, तो बाबा योगेंद्र को उसके अखिल भारतीय संगठन मंत्री का दायित्व सौंपा गया। विश्व को भीमबेटका तथा सरस्वती नदी के मार्ग की जानकारी देने वाले पद्मश्री डॉ विष्णु श्रीधर वाकणकर जी के साथ मिलकर उन्होंने कला साधकों के मन में राष्ट्रीय भावना के जागरण का कार्य लम्बे समय तक किया।उनके मार्गदर्शन में संस्कार भारती आज कला के क्षेत्र में देश की अग्रणी संस्था है।

<u>આગામી કાર્યક્રમો</u>




भारतीय विचार मंच
Yagna Karyashala 22
26th JUNE 2022,Sunday
Sh. PRAFULLA KETKAR
Editor : Organiser Weekly
INAUGURAL TALK
Revisiting India's Freedom Struggle and Contemporary Challenges
1st Session
10:00 - 11:15
2nd Session
11:30- 12:45
Sh. GURU PRAKASH PASWAN
National Spokesperson, BJP
Art of Narrative Building and Role of Youth in Ideological War
DIALOGUE WITH
Prafulla Ketkar &
Guru Prakash Paswan
3rd Session
13:45 - 14:45
4th Session
15:00 - 16:15
Sh. DEEPAK SHARMA
Kshetra Sanyojak, Prajna Pravah
Role of Yuva Karyakartas During 2022 - 2025
Register
www.vichar.org
9:00 am - 10:00 am : Registration - Breakfast
Venue
J.B Auditorium, Ahmedabad Management Association,
Dr. Vikram Sarabhai Marg, Vastrapur, Ahmedabad - 380009

**YAGNA**

**Youth Awareness for Greater National Awakening**

Presents

▪︎ YAGNA KARYASHALA 2022▪︎

📆Date : 26th June 2022, Sunday

📌 Venue : J.B Auditorium, Ahmedabad Management Association, Dr Vikram Sarabhai Marg, Vastrapur, Ahmedabad, 380009

💫 Bhartiya Vichar Manch 💫

Yuva Aayam- Gujarat

Note :- Participants with age between 20-35 can Only Register in this Workshop

To Register Click here :

https://docs.google.com/forms/d/e/1FAIpQLSeI6wyFMHkdjv5VMbOHRX0YaS6f4AVL2bYH3e9tHNnltlfo-Q/viewform

# भारतीय विचार मंच, युवा आयाम, सूरत

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः
भारतीय विचार मंच

## भारतीय विचार मंच, युवा आयाम
### सूरत

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः
भारतीय विचार मंच

स्वाधीनता के ७५ वर्ष पूर्ण होने के अवसर पर हम अमृत महोत्सव मना रहे है। लोकतंत्र के इस दीप्तिमय अवसर पर हमें पीछे मुड कर भी देखने की जरूरत है। इस गौरवशाली यात्रा में कुछ घटनाएं ऐसी भी है जो लोकतंत्र पर कलंक समान है, जैसे की २५ जून १९७५ के दिन लागू की गई इमरजंसी। इस घटना के अब ४७ साल पूरे हो रहे है, तब लोकतंत्र को मजबूत करने हेतु हमे इसकी भी समीक्षा करनी आवश्यक है। 18 जून को "Emergency Anniversary" पर सूरत के सभी विचारशील युवा मित्रो को हम निमंत्रित करते है एक विशेष गोष्ठी के लिए।

**विषय**

## "आपातकाल के संस्मरण एवम बोधपाठ"

(व्याख्यान की भाषा हिंदी रहेंगी)

## Emergency - Facts and Lessons Learnt

**वक्ता**

## श्री कैलाशजी शर्मा

(पूर्व प्रांत अध्यक्ष भारतीय विचार मंच)

कैलाशजी ने युवा वय में इमरजेंसी को झेला ही नही, खुद जैल यात्रा का भी अनुभव किया है।


**स्थल :** सूरत डायमंड एसोसिएशन हॉल,(4th floor), मिनीबाजार, वराछा, सूरत

**दिनांक:** 18 जून 2022 | **समय:** 9:00 PM

मितेश धोलिया : 9825063368 | स्वेताबेन : 7874757189
जतिन पटेल : 7777901117
विवेक माणिया : 8866857138 (संयोजक: भारतीय विचार मंच युवा आयाम, सूरत केंद्र)

# <u>ભારતીય વિચાર મંચ દ્વારા પ્રકાશિત ઉત્તમ સાહિત્ય હવે ઓનલાઇન પણ ઉપલબ્ધ</u>

**સમાજ અને રાષ્ટ્ર જીવન માટે મહત્વપૂર્ણ વિષયો પર ગહન અભ્યાસપૂર્ણ સામગ્રી... હવે આંગળીના ટેરવે.**




**વિશુદ્ધ વૈચારિક ભાથું પીરસતું સમૃદ્ધ સાહિત્ય આજે જ મંગાવો... વાંચો...અને વંચાવો.**

**૧) રક્તરંજીત મધ્યપૂર્વ : ઇતિહાસ અને વર્તમાન**

**૨) આવરણ**

**૩) ભારતીય જ્ઞાનનો ખજાનો**

**૪) અંગ્રેજી માધ્યમની ભ્રમજાળ : ભારતના વિકાસ માટે ભાષા આયોજન.**

**૫)** भारत का राजा : महाभारत में राजत्व का परिप्रेक्ष्य।

**૬) "વિનાશપર્વ : ભારત પર અંગ્રેજોનું રાજ"**

**૭)"હિંદુત્વ : વિભિન્ન પાસાં સરળતાથી"**

**૮)** मुस्लिम सोचें

**' ભારતીય વિચાર મંચ ' દ્વારા પ્રકાશિત પુસ્તકો, મંચની વેબસાઇટ: https://vichar.org/books પરથી આજે જ ખરીદો.**

# <u>વિચાર બોધ</u>

## એકતાનું સામર્થ્ય.

એક સમય જયારે અંગ્રેજોનું રાજ હતું. એક સ્થાન ઉપર ધાર્મિક કાર્યક્રમ હતો. કાર્યક્રમ પૂરો થયા પછી બધા ભાઈઓ બહાર આવ્યા. બહેનો પણ બહાર આવી રહી હતી. એજ સમયે બે અંગ્રેજ અમલદાર દારૂ પીને આવ્યા અને બહેનોના બહાર આવવાના દરવાજા પાસે ઉભા રહી ગયા. રસ્તો રોકી ખરાબ ભાષામાં વાતો કરતા. જેના કારણે બહેનોને બહાર આવવામાં તકલીફ પડતી. તેમના ઘરના લોકો એજ દરવાજાની સામે તેમની રાહ જોતા હતા. પરંતુ, અમલદારની સામે બોલવાની હિંમત કોઈનામાં ન હતી. ઘણો બધો સમય આમ જ પસાર થઇ ગયો.

તે સમયે એ માર્ગ પાસેથી બે મરાઠી યુવાનો પસાર થઈ રહ્યા હતા. દરવાજા પાસે ભીડ જોઈ ત્યાં શું ચાલી રહ્યું છે તે જાણવાનો પ્રયત્ન કર્યો. જયારે તેમને પરિસ્થિતિની જાણ થઇ ત્યારે એક યુવાને બીજા મિત્રને કહ્યું ચાલ આપણે બહેનોની મદદ કરીએ. બીજા મિત્રે કહ્યું, માધવ શું કામ ખોટી ઝંઝટ માથે લે છે ? એટલું કહી તે ત્યાંથી જતો રહ્યો. પરંતુ માધવથી રહેવાયું નહિ. તેણે પુરુષોની ભીડ પાસે જઈ બધાને ઉદ્દેશી કહ્યું,ભગાડો આ બે ગોરા અમલદારોને ? બધાને તેમની વાત ઉચિત લાગી પરંતુ, તેમની સામે પ્રશ્ન હતો કે શરૂઆત કોણ કરે ? એટલા માટે બધા ચુપ હતા તે માધવના ધ્યાનમાં આવ્યું. ચાલો હું આગળ વધુ છું એમ કહી માધવ અમલદારોની સામે જવા લાગ્યો. ધીરે ધીરે અન્ય લોકો પણ તેમની પાછળ જોડતા ગયા. અમલદાર પાસે જઈને તેમને ધમકાવતા કહ્યું, અહીંથી જતા રહો નહી જાઓ તો અમારી ટીમ દેખાય છે ને? તેનો ભારે અવાજ અને તેવર જોઈ બંને અમલદાર ત્યાંથી ગભરાઈને ભાગી ગયા.

લોકોએ માધવને ધન્યવાદ આપ્યા. માધવે કહ્યું તમે આટલા બધા લોકો હોવા છતાં આ બે લોકોથી ડરી ગયા ? આપણે આપણી સંગઠિત શક્તિ બતાવીશું નહિ તો તે આપણી કમજોરીનો લાભ જ લેશે. પરંતુ જો એકતાનું બળ બતાવવામાં આવે, તો તેમની શું તાકાત છે ? સામેવાળાની શક્તિથી ગભરાયા વગર તેમને આપણી શક્તિ બતાવો.

આ માધવ આગળ જઈને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અનેક વર્ષ સરસંઘચાલક રહ્યા.

આ કથા દ્વારા એકતાનું સામર્થ ધ્યાનમાં આવે છે. આપણે એકલા કંઈ જ કરી નથી શકતા, પરંતુ આપણે સંગઠિત થવા પર નિશ્ચિત વિજય પ્રાપ્ત થાય છે. કોઈ પણ લડાઈ લડવી હોય તો સંગઠિત થવું જરૂરી છે.

# Join BVM (ભારતીય વિચાર મંચ)

**વિચાર સર્વોપરી છે. વિચારો વ્યક્તિની ચેતનાના સ્તરને અસર કરે છે. તેથી દરેક વિચાર યોગ્ય દિશામાં અને અસરકારક પ્રસ્તુતિ સાથે સર્જનાત્મકતાનું પ્રથમ પગલું છે. ભારતીય વિચાર મંચ માને છે કે આ સંપૂર્ણ વિચાર પ્રક્રિયા આપણા સમાજ અને સંસ્કૃતિનું ચાલક બળ છે.**

**ભારતીય વિચાર મંચ આ વૈચારિક આંદોલનનું નેતૃત્વ કરી રહ્યું છે. ભારતીય વિચાર મંચ આપ સૌને આ વૈચારિક ચળવળનો એક ભાગ બનવા નિવેદન કરે છે, અને "કાર્યકર્તા" બનીને આ વૈચારિક ચળવળમાં તમારો ટેકો આપશો.**

**ભારતીય વિચાર મંચના કાર્યકર્તા બનવા માટે નીચેની લિંક દ્વારા તમારી માહિતી શેર કરીને મંચ માં જોડાઇ શકો છો**

**https://forms.gle/mrueb1RyFh4UthxdA**

***

આપના પ્રતિભાવો અહીં આપેલ ઈમેલ : bvmguj@gmail.com અથવા વૉટ્સએપ નંબર : 7405862697 ઉપર આપ મોકલી શકશો.